## ખૂણેખાંચરેથી

- કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહ એક દિવસના અમદાવાદના પ્રવાસે આવી રહ્યા હોવાથી પાટનગરના રાજકીય પ્રવાહો ઉત્તેજીત બનીને વહી રહ્યા છે. જો કે તેઓ મોટેરા સ્ટેડિયમ પર ચાલી રહેલ તૈયારીઓની સમીક્ષા કરવાના છે.
- ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે નવનિર્મિત પ્રાથમિક શાળાના મકાનનું લોકાર્પણ કરાયુ હતુ. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર, તા.પં. પ્રમુખ શોભનાબેન વાઘેલા, જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા, પ્રદેશ કિસાન મોરચાના હિતેન્દ્ર પટેલ, તાલુકા મહામંત્રી રાજીવજી ઠાકોર, તાલુકા સભ્ય રામાજી ઠાકોર, પંકજભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.
- સારા ચોમાસા અને રવિ સીઝનના સાનુકૂળ વાતાવરણમાં આ વખતે જિલ્લામાં પાક-ઉત્પાદન નવા વિક્રમો સર્જશે તેમ મનાઈ રહ્યું છે.
- ભાટ-કોટેશ્વરમાં ઉપરથી જે વીજલાઈનો જતી હતી તે અમેરિકાના રાષ્ટ્રપતિના આગમન પૂર્વે અંડરગ્રાઉન્ડ કરી દેવામાં આવી છે.
- ચાંદખેડા-મોટેરામાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતને પગલે શાળા-કોલેજો બંધ રહેશે.
- આજે ચિલ્ડ્રન યુનિ. ગાંધીનગર ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ગાંધીનગર દ્વારા યોજાયેલ પુરસ્કાર વિતરણ બાદ કવિ તુષાર શુક્લની વિશેષ ઉપસ્થિતિમાં ભીખુદાન ગઢવી (ગાંધીનગર) અને સાથી કલાકારોનો ડાયરો ચિલ્ડ્રન યુનિ.ના પ્રાંગણમાં યોજવામાં આવ્યો છે.



વિશ્વની બે મોટી લોકશાહીના વડાઓ મળવાના છે જેના પર સમગ્ર વિશ્વ મીટ માંડીને બેઠું છે. એક તરફ સૌથી વિકસિત લોકશાહીના વડા છે જેઓ મહેમાનગતિ માણવા પધારી રહ્યાં છે તો તેમને યજમાન પદે વિશ્વની સૌથી મોટી લોકશાહીના વડા આવકારવાના છે. હાલ દરેકના હૈયે એજ વાત છે કે આ મુલાકાત કેવી રહેશે ત્યારે ગાંધીનગરના જાણીતા ડૉલ આર્ટિસ્ટ હરિન ભટ્ટે તેમની ફેબ્રિક આર્ટ થકી પ્રેસિડેન્ટ ટ્રમ્પને આવકારતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિકૃતિ બનાવી ''ભલે પધાર્યા''નો સંદેશ આપવા પ્રયાસ કર્યો છે.

# પંચદેવ મેળામાંથી ૬ પાકીટ અને ૭ મોબાઈલ ચોરાયા

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં શિવરાત્રીના દિવસે શિવમંદિરો શિવભકતોથી સવારથી ઉભરાતા હતા. ત્યારે શહેરની નજીક આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર, વાસણીયા મહાદેવ મંદિર અને શહેરના પંચદેવ મંદિર ખાતે લોકમેળો ભરાય છે.

આ મેળામાં હૈયે થી હૈયુ દળાય તેટલી મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. સવારથી સાંજ સુધી હજ્જારોની સંખ્યામાં નગરજનો મેળાની મોજ માણી ભગવાન શિવના દર્શન કરી ધન્યતા અનુભવે છે. ત્યારે શહેરના પંચદેવ મંદિર ખાતે મેળાની મોજ માણવા આવેલા કેટલાક નાગરીકોના ખિસ્સા હળવા થયા છે. આટલીમોટી જનમેદની વચ્ચે પાકીટમાર સક્રિય થતા ૬ જેટલા નાગરીકના પાકીટ ચોરાઈ જવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. તો બીજીતરફ મેળામાં ખભે થી ખભે ટકરાતા હોય તેવી સ્થિતમાં શર્ટના ખિસ્સામાંથી નાગરીકોના ૭ જેટલા મોબાઈલ પણ ચોરાયા હોવાનું ધ્યાને આવ્યુ છે. ત્યારે મેળા સતત પાકીટમારોથી સાવધાન રહેવા અને પાકીટ અને મોબાઈલ સાચવીને રાખવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવતી હતી. તેમ છતા મેળામાંથી મોબાઈલ અને પાકીટ ચોરી થયાની જાણ થતા પોલીસે તપાસ શરુ કરી છે.

## આજે સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે રાજ્યકક્ષાની ટેકવૉન ડે ટૂર્નામેન્ટ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતેની સમર્પણ પબ્લિક સ્કૂલમાં આવતીકાલે રવિવારે સવારે ૮.૩૦ થી ૫ કલાક દરમ્યાન ઓપન ગુજરાત સ્ટેટ ટેકવૉન ડૉ ચેમ્પિયનશીપ યોજાશે. ગાંધીનગર ટેકવૉન ડૉ એસોસિએશન આયોજિત આ ટૂર્નામેન્ટમાં રાજ્યભરમાંથી ટેકવૉન ડો ના ખેલાડીઓ વિવિધ વયજુથની વિવિધ કેટેગરીમાં ભાગ લેશે. આ પ્રસંગે માસ્ટર પ્રકાશ સંભવાણી અને ટેકનિકલ ડાયરેક્ટર જતિન દવે ઉપસ્થિત રહેશે.

## વાત-વાતમાં.....

- સેક્ટર-૬ ખાતેની સત્યાગ્રહ છાવણીએ એલઆરડી મુદે સરકારના વિવાદાસ્પદ જીઆરને રદ કરવાની માંગણી સાથે હસમુખ સકસેના નામનો આંદોલનકારી આમરણાંત ઉપવાસ કરી રહ્યો છે. શનિવારે સાંજે તેની તબિયત લથડતાં તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી.
- સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષિત બેરોજગાર સંઘ દ્વારા પણ પ્રતિક ઉપવાસ હાથ ધરવામાં આવી રહ્યાં છે. શિક્ષિત બેરોજગાર સંઘની માંગણી છે કે ધોરણ-૬ થી ૮માં વિદ્યાસહાયક માટે ૫ હજાર વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવે.
- મહાત્મા મંદિર ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય કક્ષાની સીઓથી કોન્ફરન્સ સમાપન થયું છે. અંતિમ દિવસે વન વિભાગના અધિકારીઓએ પ્રદર્શનમાં મુકવામાં આવેલા સિંહ પરિવારની પ્રતિકૃતિ સાથે તસવીરો પડાવી હતી.

# ભારત યુવા સશકિતકરણ પ્રોજેકટની ખોટી જાહેરાત આપનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ભારત યુવા સશકિતરણ પ્રોજેકટર મુદ્દે સોશ્યલ મિડીયા અને વોટસએપ માં ખોટી જાહેરાત આપનાર શખ્સને ગાંધીનગર એલસીબી-૨ ની ટીમે ગણતરીના કલાકોમાં દબોચી પાડ્યો છે. જો કે પોલીસે આરોપીની અટકાયત કરી તે પહેલા ૩૦૦ જેટલા નોકરી ઈચ્છુક યુવક-યુવતિઓ રૂપીયા પડાવી લીધા છે.

તા.૧૭ ફેબ્રુઆરીના રોજ સોશ્યલ મિડીયા અને વોટસએપમાં ભારત યુવા સશકિતકરણ પ્રોજેકટને અનુલક્ષી ભરતીની જાહેરાત આવી હતી. બેરોજગાર યુવાવર્ગ સાથે છેંતરપિંડીનો પ્લાન ઘડ્યો હોવાનું લાગતા રોજગાર અધિકારી વી.એસ. પાંડોર દ્વારા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચના મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમે તપાસ આરંભી હતી. ત્યારે સાયબર સેલની કામગીરી કરતા કોન્સ્ટેબલ જિતેન્દ્રસિંહ પ્રવિણસિંહની મદદથી આરોપીએ ઉપયોગમાં લીધેલા જીમેઈલ આઈડી, ગુગલ પે એપ, પોર્ટલ વગેરે કયા સર્વરથી યુઝ કર્યા છે તે શોધી કાઢ્યું હતું. જેને પગલે પોલીસે સુરેન્દ્રનગરના હરેશકુમાર હસમુખરાય પરમાર (રહે. ૨૩-૧ કૈલાસપાર્ક સોસાયટી, નવો ૮૦ ફુટ રોડ)ને પકડી પાડ્યો હતો. પોલીસની તપાસમાં આરોપી પાસેથી બે મોબાઈલ મળી આવ્યા હતા. જેમાં તેના બેંક ઓફ બરોડના એકાઉન્ટમાં ફોર્મ ભરનાર ઉમેદવારોએ રૂપીયા જમા થયાના મેસેજ મળી આવ્યા હતા. ગણતરીના કલાકોમાં જ ૩૦૦ જેટલા ઉમેદવારોએ આરોપીના એકાઉન્ટમાં રૂપીયા ભરી દીધા હતા. એલસીબી-૨ પોલીસે આરોપીની અટકાયત કરીને સેકટર-૭ પોલીસને હવાલે કર્યો છે.

# ચિલોડામાં હોટલની ઓસરીમાં દારૂની મહેફીલ માણતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા અશ્વમેઘ કોમ્પલેક્ષ ખાતે આવેલ તુલસી ગેસ્ટ હાઉસની ઓસરીમાં દારૂની મહેફીલ માણી રહેલા શખ્સની ચિલોડા પોલીસે અટકાયત કરી છે. પોલીસે શખ્સ પાસેથી દારુની બોટલ, મોબાઈલ મળી કુલ રૂ.૨૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અશ્વમેઘ કોમ્પલેક્ષ ખાતે તુલસી ગેસ્ટ હાઉસ ખાતે ઓસરીમાં એક શખ્સ દારૂની મહેફીલ માણી રહ્યો છે તેવી બાતમી ચિલોડા પોલીસને મળતા જઈ રેઈડ કરતા મહેન્દ્ર અંબાલાલ શાહ પોતાની હોટલમાં ઓસરીમાં ઉભો હતો. પોલીસને તેની પાસેથી દારુની બોટલ મળી આવી હતી. ૭૫૦ એમએલની દારુની બોટલમાં ૪૦૦ એમએલ જેટલો દારુ ભરેલો હતો.જયારે પકડી પાડેલ શખ્સ દારુના નશામાં જોવા મળ્યો હતો. જેથી પોલીસે આરોપી પાસેથી દારુની બોટલ અને મોબાઈલ મળીને કુલ રૂ.૨૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ફ્લેટ વેચવાનો છે
પેન્ટહાઉસ,
૧૮૦ વાર
3 BHK, Madhuram Greens, સરગાસણ
(Mo.) 9737677051


